


"ચૂંટણીના નગારા વાગવા માંડ્યા હોં ભાઈ..!!"

"તમને પાછા ક્યાં સંભળાયા નગારા..?!"

"અરે ભાઈ..! નગારા એટલે તૈયારીઓ શરૂ થઈ..! ક્યાંક રાષ્ટ્રીય કારોબારી.... કે ક્યાંક કોર ગૃપની બેઠકો... તો ક્યાંક ઉમેદવારોની ચર્ચાઓ... તો ક્યાંક તોડફોડ..!!"

"હા... આ એક ખોટી પરંપરા ઉભી થાય છે..!! ચૂંટણી આવે એટલે આયારામ-ગયારામની મોસમ છલકાય..!! ભાવ બોલાય..!! અને કંઈક પદ મળે..!! એ નફામાં..!!"

"હા... હા..! હવે તો 'ચટ્ટ મંગની-પટ્ટ બ્યાહ'... કુંવરજીભાઈને જો ચાર કલાકમાં કેબીનેટ મંત્રીનું પદ મળતું હોય તો બાકીના લોકો વચન ઉપર શું કરવા રાહ જોશે..?!"

"ખુબ જ સાચી વાત છે..! કુંવરજીભાઈ મંત્રી બને કે મુખ્યમંત્રી બને એની વાત નથી..! જે રીતે બન્યા તેની સામે વાંધો છે..! અને હવે એ પરંપરા આગળ વધતી જ જશે..!! હજુ તો જુઓ... કોંગ્રેસમાંથી આઠ-દસ માથા કમલમ્ તરફ મોં રાખીને બેઠા છે..! પણ પેટર્ન પેલી કુંવરજીભાઈવાળી..!!"

"એટલે... ચાર કલાકમાં મંત્રીપદ... અથવા ચાર કલાકમાં ચેરમેનપદ... અથવા લોકસભાની ટીકીટની લેખિત બાંયધરી... અથવા આ માટે થતો ખર્ચો..!!"

"ઓહ... ભારે કરી ભાઈ..! આ નેતાઓ, આ પક્ષો ને આ પક્ષ પલટાઓથી તો તોબા-તોબા છે..!"

"પણ સાહેબ..! એક વખત જો પ્રજા નક્કી કરી દે, કે ગમે તેઓ ચમરબંધી હોય... ગમે તેવો હોંશિયાર હોય... કે આપણા સમાજનો હોય તો પણ પાટલીબદલુ છે એટલે મત નહીં આપુ... તો તો રંગ રહી જાય..!!"

"આમાં શેનો રંગ રહી જાય..?!"

"પાટલીબદલુઓને પાઠ ભણાવવાનો..! ભવિષ્યમાં કોઈ પાટલી બદલવાની કે બદલાવવાની હિંમત સરખી પણ ના કરે..! અને આ ખરીદ-વેચાણના સોદાઓ બંધ થાય..! પ્રજામતનો વિજય થાય..! લોકશાહી મજબુત થાય... એનો રંગ રહી જાય..!!"

"કહેવું પડે..!! હા... સાહેબ, વીણી-વીણીને પાટલીબદલુઓને જાકારો આપવા વધુ એક પ્રજા આંદોલનની જરૂર છે..!!"

"અરે..! પાછુ આંદોલન..?! તમને છાશવારે આંદોલન જ યાદ આવે છે..! માંડ હજી આંદોલનોમાંથી પરવાર્યા છીએ..!"

"હા... હા..! આ આંદોલન સભા સરઘસનું નહિ... પ્રચાર પોસ્ટરનું નહીં... આ આંદોલન વિચાર આંદોલન હશે..! ગામે-ગામ... શહેરે-શહેર પ્રજામત બનવો જોઈએ..!! કે અમારૂ શાસન વ્યક્તિનિષ્ઠ નહીં... વિધાનનિષ્ઠ હોવું જોઈએ..!"

"ઓ હો હો..! એ દિવસે તો સોનાનો સુરજ ઉગશે..!! વિચારધારાનો વિજય થશે..!! મુલ્યનિષ્ઠ રાજ-નીતિની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા થશે..!! અને એ દિવસે ભારતની લોકશાહી સોળે કળાએ ખીલી ઉઠશે... "

"વાહ..., આ કલ્પના કે સંકલ્પ...? "

"સાહેબ, આને સ્વપ્ન કો તો સ્વપ્ન અને સંકલ્પ કો તો સંકલ્પ... પણ જો ભારતને વિશ્વગુરૂના સ્થાને પ્રસ્થાપિત કરવું હશે તો આપણે સૌએ વ્યક્તિગત જીવનથી લઈ - રાષ્ટ્રીય જીવન સુધી પ્રમાણિક અને કર્મશીલ બનવું જ પડશે..."

"વાત સાચી છે.... કરીએ શુભષ્ય શિઘ્રમ..."

"હા... સાહેબ... હા..!!"




નાણા પંચ ગાંધીનગરમાં...- ગુજરાતની સત્તાવાર મુલાકાતે આવી પહોંચેલ ૧૫મા નાણાપંચના અધ્યક્ષ શ્રી એન. કે. સિંઘ સહિતના સભ્યોએ મહાત્મા મંદિર ખાતે પત્રકારોને વિવિધ માહિતી આપી હતી... ગુજરાતની નાણાકીય શિસ્ત અને વ્યવસ્થાપનની પણ શ્રી એન. કે. સિંઘે પત્રકારો સમક્ષ પ્રશંસા કરી હતી...

# ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાત પર વરસાદ માટે બે સિસ્ટમો એકત્ર થઈ છે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાત પર ચોમાસાના વરસાદની બે સિસ્ટમનું એકત્રીકરણ થતાં મધ્યમથી ભારે વરસાદ થવાની શક્યતાઓ બધા જોઈ રહ્યા છે.

**આગામી દિવસોમાં મધ્યમથી ભારે વરસાદ થવાની સંભાવના**

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અરબી સમુદ્રમાં અપર એર સાયક્લોનિક સિસ્ટમ ડેવલપ થતાં વાદળછાયુ વાતાવરણ જામ્યુ છે તો બંગાળના ઉપસાગરમાંથી વરસાદી સિસ્ટમ જે રીતે ગુજરાત તરફ સરકી રહી છે તે જોતાં આ બન્ને સિસ્ટમો ભેગી થઈ ગઈ છે અને જે વાતાવરણ બન્યુ છે તે મધ્યમથી ભારે વરસાદના સંકેતો આપે છે.

ગાંધીનગર સહિત ઉ. ગુજરાતમાં હજુ વરસાદ ચોમાસાને જોયે તેવો નોંધાયો નથી. વાવણીલાયક વરસાદ જરૂર થયો છે પણ તે પ્રમાણમાં ઘણો ઓછો છે. વાદળછાયુ વાતાવરણ અને બંગાળના ઉપસાગરની સિસ્ટમ જે રીતે આગળ વધી રહી છે તે આગામી દિવસો વરસાદથી ભરપૂર રહેશે તેમ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં હજુ વરસાદની ઘટ ૫૦ ટકાથી પણ વધુ છે.

# શહેર-જિલ્લામાં બદલાયેલુ વાતાવરણ વાહકજન્ય રોગચાળા માટે સાનુકૂળ

**આપણે બચીએ અને આપણા સૌને બચાવીએ, મચ્છરની ઉત્પત્તિ અટકાવવી એ આપણા સૌની સંયુક્ત જવાબદારી છે, તંત્રની નાનકડી છતાં ચોટદાર અપીલ સોશ્યલ મિડિયામાં વાઈરલ થઈ**

ગાંધીનગર, તા. ૨૩

બદલાયેલુ વાતાવરણ વાહકજન્ય રોગચાળા માટે સાનુકૂળ છે અને તેથી જ આ બાબતે સૌએ જાગૃતિ રાખી વાહકજન્ય રોગ મેલેરિયા, ચિકન-ગુનિયા અને ડેન્ગ્યુથી બચવા માટે નાની નાની બાબતો પર ધ્યાન આપવુ જોઈએ તેવી એક અપીલ આરોગ્યતંત્ર દ્વારા કરાઈ છે જે સોશ્યલ મિડિયામાં વાઈરલ થઈ છે.

આપણે બચીએ અને આપણા સૌને બચાવીએ તેવી ટૂંકી છતાં ચોટદાર વાતો આ અપીલમાં વણી લેવાઈ છે. આ અપીલમાં જણાવાયુ છે કે આવા વરસાદ અને ભેજમાં મચ્છરની ઉત્પત્તિ વધારે તેટલો ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને મેલેરિયા થવાની સંભાવના વધારે. અર્થાત હાલનું વાતાવરણ વાહકજન્ય રોગચાળા માટે સૌથી સાનુકૂળ છે.

આ ત્રણેય રોગના મચ્છર ચોખ્ખા પાણીમાં ઘરમાં કે ઘરની આસપાસ ઉત્પન્ન થાય છે. કુંડા, ખાલી પડેલ પ્લાસ્ટીકના ભંગાર, ફૂવારા, નાળિયેરની કાચલી, રૂમ કુલર જેવી જગ્યામાં દર બે દિવસે પાણી ભરાયેલુ નથીને તેની ખાતરી કરો અને પાણી ભરાયેલુ હોય તો તે ખાલી કરો.

પાણીની ટાંકી હવાચુસ્ત બંધ છે તેની ખાતરી કરતા રહો, મચ્છરની ઉત્પત્તિ અટકાવવાની જવાબદારી આપણી સંયુક્ત છે. આ બધા રોગોની સારવાર કરતાં તેનો અટકાવવો વધુ વ્યાજબી છે.

ગુજરાત સરકારે ૨૦૨૨ સુધીમાં મેલેરિયા નિર્મૂલનનો સંકલ્પ લીધેલ છે. વાહકજન્ય રોગચાળો નિયંત્રણમાં રહે તે માટે ચાર તબક્કામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ પણ કરવામાં આવ્યુ છે અને આ સર્વેલન્સ દરમ્યાન છેલ્લા રાઉન્ડમાં જ ૮ હજાર જેટલા સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ તંત્રની ટીમોએ શોધ્યા હતા જે નોંધનીય છે.

તાજેતરમાં ગાંધીનગર શહેરને અડીને આવેલ કુડાસણના સોસાયટી વિસ્તારમાંથી ચાર જેટલા ડેન્ગ્યુના કેસ મળ્યા હતા તે પણ નોંધનીય છે. જોકે કેટલાક વિસ્તારોમાંથી ડેન્ગ્યુના છુટાછવાયા કેસો મળ્યા હોવાનો આડકતરો એકરાર પણ તંત્રના અધિકારીઓ કરી રહ્યા છે.

## જિલ્લામાં વાદળછાયુ અને ભેજવાળા વાતાવરણમાં ચૂસિયા ઈયળોનો ઉપદ્રવ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં આગોતરા વાવેતર કરાયેલ પાકોમાં ચૂસિયા પ્રકારની જીવાતો જોવા મળતાં ખેડૂતો ચિંચાતુર બન્યા છે.

હાલમાં સતત વાદળછાયુ વાતાવરણ અને ભેજનું પ્રમાણ જોવા મળી રહ્યુ છે. આવા વાતાવરણને કારણે આગોતરા વાવેતર કરેલા પાકોમાં ચૂસિયા પ્રકારની જીવાતો તથા ફૂગજન્ય રોગો આવવાની શક્યતાઓ રહેલી હોય છે. તંત્રે આ સ્થિતિમાં ખેડૂતોને ફુગનાશક દવાનો છંટકાવ કરવા માટે ખેડૂતોને સૂચવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં આગોતરા વાવેતર થયેલ પાકો ખાસ કરીને કપાસ, મગફળી અને શાકભાજીના વાવેતરમાં ચૂસિયા પ્રકારની જીવાતો જેવી કે લીલી પોપટી, અને મોલોમસી આવવાની શક્યતા હોય તે માટે ગ્રામસેવકો સાથે સંપર્કમાં રહી ભલામણ મુજબની જરૂરી દવાનો છંટકાવ કરવા તંત્રએ અપીલ કરી છે.

## જિલ્લાની શાળાઓમાં ૧૬૦ પ્રવાસી શિક્ષકોની નિમણુંક

**વિવિધ વિષય શિક્ષકોની ઘટ નિવારવા માટે પ્રવાસી શિક્ષકોનો સમાવેશ**

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર જિલ્લામાં સરકારી શાળાઓમાં સુવિધાઓના અભાવ વચ્ચે પુરતા શિક્ષકો પણ ન હોવાની ફરિયાદો ઉઠવા પામે છે.જયારે શિક્ષકોની ઘટના પ્રશ્નને નિવારવા માટે શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં પ્રવાસી શિક્ષકોને નિમણુંક આપવા માટે નિર્ણય લેવાયો છે. જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૧૬૦ પ્રવાસી શિક્ષકોને નિમણુંક આપવામાં આવી છે. જેથી શાળાઓમાં વિવિધ વિષય શિક્ષકોની ઘટનો પ્રશ્ન હલ થયો છે.

જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રવાસી શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. ગત જુન મહીનામાં ઉઘડતા શૈક્ષણિક સત્ર દરમિયાન આ શિક્ષકોની ભરતી કરવામાં આવી છે .શહેર જિલ્લાની સરકારી શાળાઓમાં વિવિધ વિષય શિક્ષકોની ઘટના લીધે વિદ્યાર્થીઓના શિક્ષણ પર માંઠી અસર થતી હોવાનો સુર ઉઠવા પામ્યો હતો. જયારે સરકારી શાળાઓમાં સુવિધાઓના અભાવ વચ્ચે શિક્ષણનુ સ્તર સુધારવા પણ પ્રયાસો કરવામાં આવી રહયા છે. જયારે સતત પરિણામ નીચુ આવતુ હોય તેવી શાળાઓમાં પણ પરિણામ સુધારણા માટે જરૂરી પગલા લેવા આયોજન કરવામાં આવ્યુ છે. આજના સ્પર્ધાત્મક યુગમાં સરકારી શાળાઓ પણ ખાનગી શાળાની તોલે આવે તે માટે શિક્ષણ સુધારણા માટે નવતર આયોજન કરવામાં આવી રહયુ છે. પરંતુ શાળાઓમાં શિક્ષકો સહીતના સ્ટાફની ઘટનો પ્રશ્ન મુખ્ય બનતા આવા સંજોગોમાં શાળાઓમાં પ્રવાસી શિક્ષકોની ભરતી કરવા માટે અગાઉ નિર્ણય લેવાયો હતો. જયારે પ્રવાસી શિક્ષકોની નિયત મર્યાદાના સમયગાળા માટે નિમણુંક કરવામાં આવી હતી. જયારે આ સમયગાળાના અંતે શિક્ષણ વિભાગ દ્વારા મુદત લંબાવી નવા શૈક્ષણિક સત્ર દરમિયાન

● અનુસંધાન પાન-૭ પર

# તલાટીઓની બદલીના મુદ્દે શાસક પક્ષ અને તંત્ર આમને સામને

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં એક સાથે ૬૦ તલાટીઓની બદલીના કરાયેલા હુકમને પગલે તંત્ર અને ચૂંટાયેલી પાંખ આમને સામને થઈ જવા પામી છે.

ચૂંટાયેલી પાંખનું કહેવું છે કે બદલીઓના મુદ્દે અમને વિશ્વાસમાં લેવાની જરૂર હતી એટલું જ નહિ બદલીઓમાં નિવૃત્તિના સમયગાળાને પણ ધ્યાને લેવામાં આવ્યો નથી. બદલીના હુકમો બારોબાર કરવાની પધ્ધતિ યોગ્ય નથી.

જો કે તંત્રના અધિકારીઓ દ્વારા એવો બચાવ થઈ રહ્યો છે કે બદલી એ વહીવટીય પ્રણાલિનો હિસ્સો છે તેને ચૂંટાયેલી પાંખ સાથે નિસ્બત નથી. વહીવટીય કામગીરી કોની પાસેથી કયારે લેવી તે અધિકારી તંત્રનો છે. આ બદલીઓ સરકારના નિયમો આધિન કરવામાં આવી છે.

બદલીના મુદ્દે ચૂંટાયેલી પાંખ થોડીક ખિન્ન જરૂર હતી પરંતુ જિલ્લા વિકાસ અધિકારીશ્રી સાથેની બેઠક બાદ ચૂંટાયેલી પાંખના આગેવાનો શાંત પડયા હતા.

જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી તલાટી સંવર્ગની બદલીનો ઘાણવો કાઢવાની ચાલતી વાતચીતોનો ગત સપ્તાહમાં અંત આવી ગયો છે. જેમાં તંત્ર એ જે તલાટીને એક સેજામાં ત્રણ વર્ષ થઈ ગયા હોય તેવા ૬૦ તલાટીઓની બદલીના હુકમો જારી કરી દીધા છે.



ગોરમાનો વર તો કેસરીયો - ભારે ઉલ્લાસ સાથે શહેરમાં બાલિકાઓએ ગૌરીવ્રત આરંભ્યુ હતું... વહેલી સવારે પૂજન-અર્ચન કરતા દીકરીઓના ચહેરા પર નિર્દોષ ભાવ વર્તાતો હતો....

# સેક્ટર-૧૫ સાયન્સ કોલેજમાં અઢી કરોડના ખર્ચે વધુ એક માળ બંધાશે

**નવા રૂમ અને લેબોરેટરીની સુવિધા ઊભી થશે ૯ મહિનામાં કામ પૂર્ણ કરી દેવાશે**

ગાંધીનગર, તા. ૨૩

સેક્ટર ૧૫ સાયન્સ કોલેજ ના બિલ્ડિંગમાં અઢી કરોડના ખર્ચે નવો માળ બાંધવામાં આવશે. હાલ સાયન્સ કોલેજમાં સોલાર પેનલ કાઢવાનું કામ ચાલી રહ્યું છે. જ્યારે લેબોરેટરી સહિત નવા રૂમો બાંધવા ટૂંકમાં કામ શરૂ કરાશે.

શહેરના સેક્ટર ૧૫ માં સ્થિત સાયન્સ કોલેજના બિલ્ડીંગનું કામ અંદાજિત ચાર વર્ષ અગાઉ હાથ ધરવામાં આવ્યું હતું. જ્યારે હવે જરૂરિયાતને ધ્યાને લઈ કોલેજ કક્ષાએથી નવો માળ બાંધવા માટે માર્ગ-મકાન વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી જેને ધ્યાને લઈ વિભાગ દ્વારા કૉલેજ સંકુલમાં સ્થિત બિલ્ડિંગમાં વધુ નવો એક માળ બાંધવા માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેને અનુલક્ષીને તંત્ર દ્વારા નવો માળ બાંધવા માટે આયોજન કરવામાં આવ્યું છે. સાયન્સ કોલેજના બિલ્ડિંગમાં નવા માળખામાં હાથ ધરતા પૂર્વે હાલ સોલાર પેનલ દૂર કરવા માટે કામગીરી ચાલી રહી છે. વર્ષ ૨૦૧૦ દરમિયાન નવા બિલ્ડીંગનું કામ હાથ ધરાયું હતું જ્યારે હવે આ બિલ્ડિંગમાં વધુ એક માળ બાંધવા માટે ટૂંકમાં કામ શરૂ કરાશે.

માર્ગ મકાન વિભાગ દ્વારા આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી દેવાઇ છે. કોલેજ બિલ્ડિંગમાં વધુ એક માળ સાથે નવા રૂમો તેમજ લેબોરેટરી પણ બનાવાશે અંદાજિત રૂપિયા અઢી કરોડનો ખર્ચ કરાશે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી દેવાયા બાદ જવાબદાર એજન્સીને વર્ક ઓર્ડર પણ આપી દેવાયો છે. સોલાર પેનલ દૂર કરાયા બાદ કોલેજ બિલ્ડિંગમાં નવો માળ બાંધવાનું કામ હાથ ધરાશે. આ કામગીરી નવ મહિનામાં પૂર્ણ કરી દેવાશે. ગ્રાઉન્ડ ફ્લોર પર સ્થિત કોલેજ બિલ્ડિંગમા બિલ્ડીંગનો વ્યાપ વધતા નવી સુવિધાઓ પણ ઉપલબ્ધ થશે.

# સે-૨૮ એન્જિનિયરીંગ કોલેજમાં હોસ્ટેલ બિલ્ડીંગને અપગ્રેડ કરાશે

**અપગ્રેડ કરવા ૧૪ કરોડ ખર્ચાશે : બે નવા માળ બાંધવા સહીત પાર્કીંગ , ફાયર સેફ્ટી અને ફર્નિચરની સુવિધા પણ ઉભી કરાશે**

ગાંધીનગર તા ૨૩

સે-૨૮ ની એન્જિનિયરીંગ કોલેજમાં હોસ્ટેલ બિલ્ડીંગ માટે નવા બે માળ બનશે. બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ માટે નવા માળનુ કામ હાથ ધરાયુ છે. આ કાર્યયોજના પાછળ રૂ ૧૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. બિલ્ડીંગના રીનોવેશનને અનુલક્ષીને પેવર બ્લોક, પાર્કીંગ ફાયર સેફ્ટી સિસ્ટમ તેમજ ફર્નિચર સહીતની કામગીરી પુર્ણ કરાશે.

શહેરમાં સે-૨૮ માં સ્થિત એન્જિનિયરીંગ કોલેજમાં રાજયના વિવિધ શહેરોમાંથી વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવે છે.જયારે આ કેમ્પસમાં ઉચ્ચ શિક્ષણ માટે આવતા વિદ્યાર્થીઓની સંખ્યા પણ વિશેષ છે. ત્યારે આ શૈક્ષણિક સંકુલમાં ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થાને અનુલક્ષી આનુસંગિક વ્યવસ્થાઓ પણ અપગ્રેડ કરવામાં આવી રહી છે. જેમાં કોલેજ બિલ્ડીંગને પણ અદ્યતન કરવામાં આવી રહયુ છે. જયારે કોલેજમાં અભ્યાસ અર્થે બહારગામથી આવતા વિદ્યાર્થીઓને ધ્યાને લઈ હોસ્ટેલ સુવિધાઆને પણ અપગ્રેડ કરવામાં આવી રહી છે. હાલ ગ્રાઉન્ડ પ્લસ વનનુ બિલ્ડીંગ ધરાવતા આ કેમ્પસમાં હોસ્ટેલ સુવિધાનો વ્યાપ વધારવા માટે નવા બે માળ બાંધવાનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. આ કાર્યયોજનાનુ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે હોસ્ટેલને અનુલક્ષી નવા માળ બાંધવાની સાથે પેવર બ્લોક પાર્કીંગ તેમજ ફાયર સેફટી સિસ્ટમ અને ફર્નિચર સહીતની કામગીરી પુર્ણ કરાશે. આ કામગીરી આગામી ૧૧ મહીનામાં પુર્ણ કરી દેવાશે. જયારે આ કામગીરી પાછળ રૂ ૧૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

**ભાડે / વેચાણ આપવાના છે**

**ભાડે :**
● ફ્લેટ 3BHK PDPU રોડ, ફેમિલી માટે ● બંગ્લો - સે.૮, 4BHK ઓફીસ/ફેમિલી માટે

**વેચાણ :**
● ફ્લેટ 2BHK સૌંદર્ય-૪૪, ખ રોડ ● ફ્લેટ - ગ્રા.ફ્લોર 2BHK સે.૨૯, ચ-૬ પાસે.
● ફ્લેટ 3BHK ૧૭૦ વાર પ્રતિક મોલની સામે. ● બંગલો - પ્લોટ ૨૦૦ વાર 3BHK કુડાસણ

**ભાડે / વેચાણ જોઈએ છે.**
ફ્લેટ / ટેનામેન્ટ / બંગલા સે.૧ થી ૩૦, સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ, વાવોલ.

THE SPACE
9328801440
9328701440

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN® ashirvad BENELAVE™ DR. FIXIT® TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com